Gujarat Samachar

Dt: 03/10/2025, pg-no-02

### દશેરાએ મેટ્રોનો ઘોડો દોડ્યો...:હાલ સચિવાલય સુધી સંચાલન

# મહાત્મા મંદિર સુધી મેટ્રોનો ટ્રાયલ રનઃ નવા વર્ષથી રેલ શરૂ થઈ જશે

ગાંધીનગર,ગુરુવાર

વિજયા દશમીના પવિત્ર પર્વે સચિવાલયથી મહાત્મા મંદિર સુધીની મેટ્રો રેલની ટ્રાયલ રન સફળતાપૂર્વક કરવામાં આવી હતી. એટલુ જ નહીં, નૂતન વર્ષના આરંભથી ગાંધીનગરના નાગરિકોને મહાત્મા મંદિર સુધી મેટ્રોની સુવિધા મળે તે માટેની ગતિવિધીઓ પણ તેજ કરી દેવામાં આવી છે. હાલ અમદાવાદથી ગાંધીનગરમાં સચિવાલય સુધી મેટ્રો રેલનો નિયત રૂટ છે જે આગામી દિવસોમાં પાંચ નંબરના રોડ ઉપર થઈને મહાત્મા મંદિર સુધી મેટ્રો દોડશે.

## પાંચ નંબરના માર્ગ પર અક્ષરધામ, જુના સચિવાલય, સે-૧૬ સેક્ટર-૨૪ અને મહાત્મા મંદિર સહિત નવા પાંચ સ્ટેશનો



અમદાવાદ-ગાંધીનગર ટ્વિનસિટીને જોડવા માટે મેટ્રો રેલનું કામ છેલ્લા ઘણા વર્ષોથી ચાલી રહ્યું છે ત્યારે હજુ સુધી સંપુર્ણ રૂટ પુર્ણ થયો નથી. તબક્કાવાર પહેલા સે-૧ સુધી મેટ્રો શરૂ કર્યા બાદ ચ અને છ રોડ થઈને મેટ્રો સચિવાલય સુધી પહોંચતી કરવામાં આવી હતી. ત્યારે આખરી તબક્કામાં મેટ્રોને હવે રોડ નં. પાંચ ઉપર દોડાવીને મહાત્મા મંદિરના સ્ટેશને સ્ટોપેજ કરવા માટેની કામગીરી તેજ કરી દેવામાં આવી છે. જે અંતર્ગત આજે વિજયાદશમીના શુભ અવસરે ગાંધીનગરમાં મેટ્રો રેલની ટ્રાયલ રન સચિવાલયથી મહાત્મા મંદિર સુધી સફળતાપૂર્વક કરવામાં આવી હતી. આ ટ્રાયલ રનમાં મેટ્રો રેલે અક્ષરધામ છ-૫, જુના સચિવાલય, સેક્ટર-૧૬ એટલે કે, ઘ-પાંચ, સેક્ટર-૨૪ અને મહાત્મા મંદિર જેવા પાંચ નવા સ્ટેશનોને આવરી લેવામાં આવ્યા છે. આ ટ્રાયલ રનની સફળતા એ સંકેત આપે છે કે ગાંધીનગરના નાગરિકોને ટૂંક સમયમાં આધુનિક પરિવહનની સુવિધા ઉપલબ્ધ થશે.

આ ટ્રાયલ રન પૂર્ણ થયા બાદ કમિશનર ઓફ મેટ્રો રેલ સેફ્ટી પાસેથી જરૂરી મંજૂરીઓ મેળવવા માટે દરખાસ્ત કરવામાં આવશે. આ પ્રક્રિયા પૂર્ણ થતાં નૂતન વર્ષના આરંભથી ગાંધીનગરના નાગરિકો મહાત્મા મંદિર સુધી મેટ્રો રેલની સુવિધાનો લાભ લઈ શકશે.

## અમદાવાદ-ગાંધીનગર વચ્ચે મેટ્રોનું ૬૮ કિમીનું સંચાલનઃ કુલ ૫૩ સ્ટેશન

ગાંધીનગર, ગુરુવાર

અમદાવાદ-ગાંધીનગર વચ્ચે પરિવહનને ધ્યાનમાં રાખીને મેટ્રો રેલ શરૂ કરવાનો નિર્ણય લેવાની સાથે અમદાવાદ મેટ્રોના પ્રોજેક્ટને ગાંધીનગર લંબાવવા માટે ત્રીજા ફેઝમાં કામગીરી હાથ ધરવામાં આવી હતી. જે અંતર્ગત પ્રથમ ગિફ્ટસિટી તથા ઈન્ફોસિટી, સે-૧ સુધીના સ્ટેશનોએ મેટ્રો પહોંચાડવામાં આવી હતી. ત્યાર બાદ સે-૧થી ચ તથા છ રોડ થઈને મેટ્રોને સચિવાલય સુધી લંબાવવામાં આવી છે. હાલ સચિવાલય સુધીના રૂટનું સંચાલન થાય છે ત્યારે આગામી દિવસોમાં પાંચ નંબરના રોડ પરથી મેટ્રો પસાર કરીને મહાત્મા મંદિર સુધી રેલ લંબાવાશે. મહાત્મા મંદિર મેટ્રો રેલનું આખરી સ્ટોપેજ રહેશે ત્યારે આગામી દિવસોમાં આ પ્રોજેક્ટના પૂર્ણ થવાથી અમદાવાદ અને ગાંધીનગરના ૬૮ કિલોમીટરના રૂટ પર કુલ ૫૩ સ્ટેશનોને મેટ્રોની સુવિધા મળશે.